1. નીચેના શબ્દોમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી ?

(A) ક્ષીર
(B) રુધિર
(C) ખૂન
(D) શોણિત
(E) Not Attempted

2. નીચેનામાંથી કયું ઉદાહરણ 'ભવિષ્ય કૃદંત'નું છે ?

(A) ખાનાર માણસો કોઈ નહોતાં.
(B) વાંચતા છોકરા પાસ થઈ ગયા.
(C) કોઈ કશું બોલ્યું નહિ.
(D) મે વાંચેલું મને યાદ હતું.
(E) Not Attempted

3. પૂર્વ પ્રાથમિક શિક્ષણ બાળકને કઈ ભાષામાં આપવું જોઈએ ?

(A) ગુજરાતી
(B) હિન્દી
(C) માતૃભાષા
(D) અંગ્રેજી
(E) Not Attempted

4. આંગણવાડી કાર્યકર અને તેડાગર માટેનો વીમા કવચ કયો છે ?

(A) પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના
(B) માતા યશોદા ગૌરવ નિધિ
(C) નારી શક્તિ પુરસ્કાર
(D) માતા યશોદા એવોર્ડ
(E) Not Attempted

5. બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને ગુજરાત રાજ્ય બિન અનામત આયોગ દ્વારા JEE, GUJCET, NITની પરીક્ષા આપવા માટેના કોચીંગ માટે પ્રતિવર્ષ કોચીંગની ખરેખર ચૂકવેલ ફી અથવા .......... રૂપિયા એ બેમાંથી જે ઓછા હોય તેટલી સહાય કરવામાં આવે છે.

(A) રૂા. 5000/-
(B) રૂા. 10000/-
(C) રૂા. 15000/-
(D) રૂા. 20000/-
(E) Not Attempted

6. પોષણ સુધા યોજના હેઠળ તમામ સગર્ભા અને ધાત્રી માતાઓને આંગણવાડી કેન્દ્ર ઉપર જ રોજ એક વખ્ત સંપૂર્ણ ભોજન આપવામાં આવે છે તથા તેની સાથે સાથે શું આપવામાં આવે છે ?

(A) ફક્ત આર્યનની ગોળી
(B) ફક્ત કેલ્શિયમની ગોળી
(C) આઈ.એફ.એ. અને કેલ્શિયમની ગોળી
(D) ફક્ત વિટામિન-A ની ગોળી
(E) Not Attempted

7. ગાંધીયુગ પછી આધ્યાત્મિક અનુભવનાં કાવ્યો રચનાર મરમી કવિ કોણ હતા ?

(A) નાથાલાલ દવે
(B) મકરંદ દવે
(C) બાલમુકુન્દ દવે
(D) જ્યોતીન્દ્ર દવે
(E) Not Attempted



PariksaPath · pariksapath.in

8. કમ્પ્યુટર વિજ્ઞાનના સંદર્ભમાં CERT નું ફુલ ફોર્મ શું છે ?

(A) Computer Emergency Report Team

(B) Computer Emergency Response Team

(C) Computer English Report Trend

(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં

(E) Not Attempted

9. _______ of my friends know _______ about her achievement.

(A) Little, few

(B) Much, many

(C) Many, little

(D) Few, a few

(E) Not Attempted

10. નીચે જણાવેલમાંથી વિટામિન 'C' નું મુખ્ય કાર્ય શું છે ?

(A) આંખના રોગ સામે રક્ષણ આપે છે.

(B) ચેપનો પ્રતિકાર કરવાની શક્તિ અને ઘામાં રૂઝ લાવવામાં મદદ કરે છે.

(C) બ્લડ પ્રેશરનું નિયમન કરવામાં મદદ કરે છે.

(D) લોહીમાં શર્કરાનું નિયંત્રણ કરવું.

(E) Not Attempted

11. હાડકા અને દાંતની રચના માટે કયો ખનિજ જરુરી છે ?

(A) પ્રોટીન

(B) કેલ્શિયમ

(C) આયોડીન

(D) આર્યન

(E) Not Attempted

12. ફોલિક એસિડની ઉણપથી કયો રોગ થાય છે ?

(A) મેક્રોસાયટીક એનિમીયા (Macrocytic anemia)

(B) પરનીશયસ એનિમીયા (Pernicious anemia)

(C) બ્લીડીંગ ગમ્સ (Bleeding gums)

(D) પેલેગ્રા (Pellegra)

(E) Not Attempted

13. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિનું વડું મથક કયા દેશમાં આવેલ છે ?

(A) અમેરિકા

(B) ઈંગ્લેન્ડ

(C) જર્મની

(D) સ્વીત્ઝરલેન્ડ

(E) Not Attempted

14. નીચે આપેલ શબ્દો ડીક્શનેરીમાં આવતા ક્રમ અનુસાર ગોઠવીએ તો છેલ્લો શબ્દ કયો આવશે ?

(A) Determination

(B) Destitute

(C) Detergent

(D) Distance

(E) Not Attempted



PariksaPath · pariksapath.in

15. ગુજરાતમાં હાલમાં આઈ.સી.ડી.એસ. માં દર મહિનાના બીજા મંગળવારે કયો દિવસ ઉજવાય છે ?

(A) બાળ તુલા દિવસ
(B) અન્નપ્રાસન્ન દિવસ
(C) પૂર્ણા દિવસ.
(D) અન્નવિતરણ દિવસ
(E) Not Attempted

16. દ્વિગુ સમાસની મુખ્ય લાક્ષણિક્તા શું છે ?

(A) બંને પદનો સમાન મોભો
(B) વચ્ચેના પદનો લોપ
(C) ઉત્તરપદ ક્રિયાધાતુ
(D) પૂર્વપદ સંખ્યાવાચક
(E) Not Attempted

17. 'વર્ષા તમારી રાહ જુએ છે.' – કયો અલંકાર છે ?

(A) શ્લેષ અલંકાર
(B) વ્યાજસ્તુતિ અલંકાર
(C) અનન્વય અલંકાર
(D) સજીવારોપણ અલંકાર
(E) Not Attempted

18. એક બાળક 4 માસ 3 અઠવાડિયાનું છે. તો તેને ખોરાકમાં શું આપી શકાય ?

(A) મસળેલા ફળ અને શાકભાજી
(B) ખીચડી અને છાશ
(C) ફક્ત સ્તનપાન
(D) ફળોનો રસ અને દાળનું પાણી
(E) Not Attempted

19. વિટામીન એ, ડી, ઈ અને કે ના યોગ્ય શોષણ અને શરીરમાં તેના યોગ્ય ઉપયોગ માટે.......... ની જરૂર પડે છે.

(A) પાણી
(B) ચરબી
(C) પ્રોટીન
(D) ઉત્સેચકો
(E) Not Attempted

20. He _______ needs _______ help from others.

(A) can, more
(B) always, a few
(C) hardly, any
(D) scarcely, when
(E) Not Attempted

21. પ્રથમ ભારતીય મૂંગી ફિલ્મ કઈ હતી ?

(A) સરસ્વતી ચંદ્ર
(B) રાજા હરિશ્ચંદ્ર
(C) પૂષ્પક
(D) મુગ્ધા
(E) Not Attempted

22. આંગણવાડીમાં સમુદાય સાથે અસરકારક કાઉન્સેલીંગ માટે કયા મુદ્દાઓ મહત્ત્વના છે ?

(A) સમુદાયના લોકોનો વિચાર અને ભાવનાઓનો સ્વીકાર કરવો.
(B) નિર્ણાયત્મક શબ્દ ટાળવા.
(C) સમુદાયની વાત શાંતિથી અને ધ્યાનથી સાંભળવી.
(D) અહીં દર્શાવેલ તમામ
(E) Not Attempted



PariksaPath · pariksapath.in

23. સરપંચ-ઉપસરપંચ સામેના અવિશ્વાસ પ્રસ્તાવની નોટીસ ગ્રામ પંચાયતને મળ્યા પછી ચર્ચા માટે બેઠક કેટલા દિવસની અંદર બોલાવવાની હોય છે ?

(A) સાત દિવસ
(B) દસ દિવસ
(C) પંદર દિવસ
(D) વીસ દિવસ
(E) Not Attempted

24. ઓછુ હીમોગ્લોબીન કયા પોષકતત્ત્વની ખામી સૂચવે છે ?

(A) આયોડિન
(B) લોહતત્વ
(C) કેલ્શિયમ
(D) સોડિયમ
(E) Not Attempted

25. ......... વિટામીન $B_2$ (રાઈબોફલેવીન)ની ઉણપનું લક્ષણ છે.

(A) ફોટોફોબિયા
(B) હોઠના ખૂણા ફાટવા
(C) મોંમાં ચાંદી પડવી
(D) અહીં દર્શાવેલ તમામ
(E) Not Attempted

26. છંદ ઓળખાવો : 'વેઠે એ વનવાસનાં વિકટ હા! કષ્ટો શરીરે અતિ.'

(A) સ્ત્રગ્ધરા
(B) હરિગીત
(C) શાર્દૂલવિક્રીડિત
(D) સવૈયા
(E) Not Attempted

27. કાંગારુ મધર કેર એટલે -

(A) બાળકને માતાની છાતી સાથે ભીડીને રાખવું
(B) કાંગારુ પાસે રાખવું
(C) બાળકને કાચની પેટીમાં રાખવું
(D) બાળકને માતાથી જુદુ રાખવું
(E) Not Attempted

28. પીળા અને કેસરી રંગના ફળો અને શાકભાજીમાં કયુ પોષકતત્ત્વ વધારે પ્રમાણમાં હોય છે ?

(A) બીટા કેરોટીન
(B) લોહતત્ત્વ
(C) વિટામીન સી
(D) વિટામીન ડી
(E) Not Attempted

29. 'ખૂંચી તીણી સજલ દૃગમાં કાચકેરી કણીકા.' – અધોરેખિત શબ્દનો સમાનાર્થી આપો.

(A) આંખ
(B) દૃષ્ટિ
(C) નજર
(D) પાંપણ
(E) Not Attempted

30. પૂરક પોષણ કાર્યક્રમ હેઠળ 6 માસથી 6 વર્ષની વયના બાળકોને કેટલી કેલરી અને પ્રોટીન મળી રહે તેવો પોષણ યુક્ત આહાર આપવામાં આવે છે ?

(A) 500 કિલો કેલરી અને 12-15 ગ્રામ પ્રોટીન
(B) 400 કિલો કેલરી અને 10-12 ગ્રામ પ્રોટીન
(C) 300 કિલો કેલરી અને 12-15 ગ્રામ પ્રોટીન
(D) 200 કિલો કેલરી અને 12-15 ગ્રામ પ્રોટીન
(E) Not Attempted



PariksaPath · pariksapath.in

31. Are these fruits fit to eat ? No, ______.

(A) they are
(B) they won't
(C) they aren't
(D) they don't
(E) Not Attempted

32. Being a ______ swimmer, I ______ swim across the river easily.

(A) trainer, am
(B) trained, can
(C) training, do
(D) trained, does
(E) Not Attempted

33. VHSND એટલે .....

(A) વિલેજ હેલ્થ, સેનિટેશન એન્ડ ન્યૂટ્રિશન ડે
(B) વિલેજ હેલ્થ, સર્વિસ એન્ડ ન્યૂટ્રિશન ડે
(C) વેલેજ હેલ્થ સેન્ટર એન્ડ નેશનલ ડે
(D) વિલેજ હેલ્થ સર્વિસ ડે
(E) Not Attempted

34. રવાનુકારી શબ્દ કયો છે ?

(A) રાતદિવસ
(B) દૂધછાશ
(C) ઝળહળ
(D) સૂર્યચંદ્ર
(E) Not Attempted

35. સ્કીમ ફોર એડોલેસન્ટ ગર્લ્સ (SAG) કયા લાભાર્થી માટે છે ?

(A) શાળાએ ન જતી 11-14 વર્ષની કિશોરીઓ
(B) શાળાએ જતી 11-14 વર્ષની કિશોરીઓ
(C) શાળાએ જતી 10-19 વર્ષની કિશોરીઓ
(D) શાળાએ ન જતી 15-19 વર્ષની કિશોરીઓ
(E) Not Attempted

36. 'વાગ્દાન'ની સંધિ છૂટી પાડો.

(A) વા + ગ્દાન
(B) વાક્ +દાન
(C) વાગ્દ + આન
(D) વા + કદાન
(E) Not Attempted

37. નીચેનામાંથી 'રીતિવાચક ક્રિયા વિશેષણ' કયું નથી ?

(A) આસપાસ
(B) નિયમિત
(C) ચૂપચાપ
(D) એકાએક
(E) Not Attempted

38. 6 માસથી 3 વર્ષના વયજૂથના બાળકોનું પોષણ સ્તર ઉંચુ લાવવા માટે તૈયાર કરવામાં આવેલો વિશેશ પૂરક આહાર કયો છે ?

(A) માતૃશક્તિ
(B) બાલશક્તિ
(C) પૂર્ણાશક્તિ
(D) ફળોના જ્યૂસ
(E) Not Attempted



PariksaPath · pariksapath.in

39. 'Honey is made by Bees.' - can be transformed as ______.

(A) Bees make honey
(B) Honey comes from bees
(C) Bees are making honey
(D) Bees have made honey
(E) Not Attempted

40. હવા ખાવાના સ્થળો (Hill Station) અને સંબંધીત રાજ્યોને યોગ્ય રીતે જોડો.

1. મનાલી (Manali) — a. ઉત્તરાખંડ
2. ઉટી (Ooty) — b. પશ્ચિમ બંગાળ
3. દાર્જીલીંગ (Darjeeling) — c. તામીલનાડુ
4. મસુરી (Mussoorie) — d. હિમાચલ પ્રદેશ

(A) 1 - a, 2 - d, 3 - c, 4 - b
(B) 1 - b, 2 - a, 3 - d, 4 - c
(C) 1 - c, 2 - b, 3 - a, 4 - d
(D) 1 - d, 2 - c, 3 - b, 4 - a
(E) Not Attempted

41. રોટા વાયરસ રસી બાળકને કયા રોગ સામે રક્ષણ પૂરૂ પાડે છે ?

(A) ક્ષય
(B) ઉંટાટીયુ
(C) ઝાડા
(D) મેલેરીયા
(E) Not Attempted

42. નેશનલ સ્કીમ ફોર PM POSHAN શીર્ષક પહેલા કઈ યોજનાનું નવું નામ છે ?

(A) મધ્યાહ્ન ભોજન યોજના
(B) આઈ.સી.ડી.એસ.
(C) પોષણ અભિયાન
(D) જન આંદોલન
(E) Not Attempted

43. ક્વોશિયોરકોરનું લક્ષણ ......... છે.

(A) ઓડીમા (Edema)
(B) વાંકા પગ (Bowed leg)
(C) કેરેટોમલેશિયા (Keratomalacia)
(D) ચિલોસીસ (Cheilosis)
(E) Not Attempted

44. ______ she met me earlier, I ______ her.

(A) If, had helped
(B) Had, could have helped
(C) When, have help
(D) If, helped
(E) Not Attempted

45. નીચેમાંથી ન્યુટ્રીશનલ મેરાસ્મસનો લક્ષણ કયો છે ?

(A) ચીલોસીસ (Cheilosis)
(B) ઝેરોપ્થેલમીયા (Xerophthalmia)
(C) સ્ટન્ટેડ ગ્રોથ (Stunted growth)
(D) વાંકા પગ (Bowed legs)
(E) Not Attempted



PariksaPath · pariksapath.in

46. શરીરમાં લોહતત્ત્વના યોગ્ય શોષણ માટે કયુ વિટામીન જરૂરી છે ?

(A) વિટામીન સી
(B) વિટામીન એ
(C) વિટામીન ડી
(D) વિટામીન કે
(E) Not Attempted

47. નીચેનામાંથી ક. મા. મુનશીની આત્મકથાનું પુસ્તક કયું નથી ?

(A) અડધે રસ્તે
(B) ધૂળમાંની પગલીઓ
(C) સીધાં ચઢાણ
(D) સ્વપ્નસિદ્ધિની શોધમાં
(E) Not Attempted

48. મિશન ઈન્દ્રધનુષ હેઠળ નીચેના પૈકી કઈ સેવા સંકળાયેલી છે ?

(A) રસીકરણ
(B) પુરક પોષણ
(C) વૃધ્ધિ માપન
(D) આરોગ્ય પોષણ શિક્ષણ
(E) Not Attempted

49. હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર નીચેના પૈકી શેમાં કાર્યરત છે ?

(A) આયુષ્યમાન ભારત
(B) મિશન બલમ સુખમ
(C) મિશન મંગલમ
(D) મિશન ભગીરથ
(E) Not Attempted

50. નીચેના પૈકી .......... વિટામીન ડી (Vitamin-D) નું ખૂબ સારું પ્રાપ્તિસ્થાન છે.

(A) પપૈયુ
(B) સોયાબીન
(C) માછલીના યકૃતનું તેલ
(D) લીલા પાંદડાવાળા શાકભાજી
(E) Not Attempted

51. સામુહિક આરોગ્ય કેન્દ્ર (CHC) કયા સ્તરે હોય છે ?

(A) તાલુકા સ્તરે
(B) જિલ્લા સ્તરે
(C) ગ્રામ્ય સ્તરે
(D) રાજ્ય સ્તરે
(E) Not Attempted

52. કચ્છમાં ઉજવાતો રણોત્સવ કઈ જગ્યાએ થાય છે ?

(A) ખાવડા
(B) માંડવી
(C) ધોરડો
(D) કાળોડુંગર
(E) Not Attempted

53. તાળાઓ માટે પ્રખ્યાત શહેર અલીગઢનું નવુ નામકરણ .......... કરવામાં આવ્યું.

(A) રામગઢ
(B) હરીગઢ
(C) વલ્લભગઢ
(D) સીતાગઢ
(E) Not Attempted



PariksaPath · pariksapath.in

54. ખાદ્ય પરિક્ષણની બેક્ટીરીયોસ્ટેટીક પદ્ધતિ કઈ છે ?

(A) સૂકવણી અને આથવણ
(B) ડબ્બા બંધી અને માઈક્રોવેવ
(C) ઉકાળવું અને પ્રેશર કુકીંગ
(D) ફ્રીઝીંગ અને ઈરેડીએશન
(E) Not Attempted

55. 'આંધળી માનો કાગળ' કોની રચનાં છે ?

(A) મીનપિયાસી
(B) દુલાભાયા કાગ
(C) ઝવેરચંદ મેઘાણી
(D) ઈન્દુલાલ ગાંધી
(E) Not Attempted

56. ગાંધીજીએ કેટલા સભ્યો સાથે દાંડીકૂચની યાત્રા શરૂ કરી હતી ?

(A) 71
(B) 75
(C) 78
(D) 83
(E) Not Attempted

57. Sita came in ______ to avoid ______ her mother.

(A) angrily, wakes up
(B) hurriedly, woke up
(C) quietly, waking
(D) noisily, silencing
(E) Not Attempted

58. PDS એટલે ?

(A) પબ્લીક ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ
(B) પ્રાઈવેટ ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ
(C) પબ્લીક ડોમેન સર્વીસ
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(E) Not Attempted

59. નીચેમાંથી મોનોસેકેરાઈડ (Monosacchride) કયો છે ?

(A) ગ્લુકોઝ, ફ્રુક્ટોઝ, ગેલેક્ટોઝ
(B) સુક્રોઝ, માલ્ટોઝ, લેક્ટોઝ
(C) સ્ટાર્ચ, ગ્લાયકોજન, સેલ્યુલોઝ
(D) ગ્લુકોઝ, માલ્ટોઝ, સેલ્યુલોઝ
(E) Not Attempted

60. શબ્દકોશ મુજબ સાચો ક્રમ કયો છે ?

(A) ઋષિ, ક્ષીર, ખગ, ઊજળું
(B) ખગ, ઊજળું, ક્ષીર, ઋષિ
(C) ઊજળું, ખગ, ઋષિ, ક્ષીર
(D) ઊજળું, ઋષિ, ક્ષીર, ખગ
(E) Not Attempted

61. આહારનું મુખ્ય કાર્ય શું છે ?

(A) દેહધાર્મિક કાર્ય
(B) મનોવૈજ્ઞાનિક કાર્ય
(C) સામાજિક કાર્ય
(D) સાંસ્કૃતિક કાર્ય
(E) Not Attempted



PariksaPath · pariksapath.in

62. સમાસ જણાવો : 'શિલાલેખ'

(A) કર્મધારય
(B) મધ્યમપદલોપી
(C) દ્વન્દ્વ
(D) તત્પુરુષ
(E) Not Attempted

63. The manager _______ us _______.

(A) met, next week
(B) was meeting, tomorrow
(C) could not meet, in future
(D) will be meeting, next week
(E) Not Attempted

64. મૂળભૂત હક્કો સાથે અસંગત હોય તેવા અથવા તેમાં ઘટાડો કરતાં કાયદા રાજ્ય કરી શકશે નહી તેવી જોગવાઈ ભારતના સંવિધાનના કયા અનુચ્છેદમાં કરવામાં આવી છે.

(A) અનુચ્છેદ-13
(B) અનુચ્છેદ-12
(C) અનુચ્છેદ-16
(D) સંવિધાનમાં આવી જોગવાઈ નથી.
(E) Not Attempted

65. ભારતના સંવિધાનની ચોથી (4) અનુસૂચિમાં કઈ બાબતની જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) લોકસભામાંની બેઠકોની ફાળવણી
(B) વિધાન પરિષદની રચના અને બેઠકોની ફાળવણી
(C) રાજ્યસભામાંની બેઠકોની ફાળવણી
(D) વિધાનસભાની રચના અને બેઠકોની ફાળવણી
(E) Not Attempted

66. MMR ની રસી કયા રોગ સામે રક્ષણ આપે છે ?

(A) ઓરી - ગાલપચોળુ અને નૂરબીબી
(B) ડીપ્થેરીયા - પોલીયો અને ધનુર્વા
(C) ડીપ્થેરીયા - મોટી ઉધરસ - ટાઈફોઈડ
(D) મેલેરીયા - મોટી ઉધરસ - ઝાડા
(E) Not Attempted

67. કમ્પ્યુટર વિજ્ઞાનના સંદર્ભે HTTPનું ફુલ ફોર્મ નીચેના પૈકી કયું છે ?

(A) Hyper Text Transfer Protocol
(B) Higher Test Transfer Programme
(C) Higher Text Transfer Programme
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(E) Not Attempted

68. પંચાયતની ચૂંટણી માટે નીચેનામાંથી કોણ ઉમેદવારી કરી શકતું નથી ?

(A) ખેતી કરતો હોય તે
(B) વતનથી દૂર હોય તે
(C) ભારતીય નાગરીક ન હોય તે
(D) છૂટાછેડા લીધેલ હોય તે
(E) Not Attempted

69. 'They know me.' - change the voice. The answer is _______.

(A) I know them
(B) I am known to them
(C) I am know by them
(D) I am known by me
(E) Not Attempted



PariksaPath · pariksapath.in

70. નીચેમાંથી .......... દુગ્ધ શર્કરા છે.

(A) માલ્ટોઝ (Maltose)
(B) સુક્રોઝ (Sucrose)
(C) સેલ્યુલોઝ (Cellulose)
(D) લેક્ટોઝ (Lactose)
(E) Not Attempted

71. BCG ની રસી કયા રોગ સામે રક્ષણ આપે છે ?

(A) ટીબી (ક્ષય રોગ)
(B) ધનુર
(C) ઊંટાટીયુ
(D) પોલીયો
(E) Not Attempted

72. વિટામીન-એ ની ખામીમાં આંખમાં થતા રાખોડી રંગના ત્રિકોણ આકાર ટપકાંને .......... કહેવાય છે.

(A) ઝેરોસીસ કન્જક્ટીવા
(B) ઝેરોસીસ કોર્નિયા
(C) બીટોટ સ્પોટ
(D) કેરેટોમલેશિયા
(E) Not Attempted

73. 'How cold you are !' can also be written as ______.

(A) You have a cold.
(B) You are very cold.
(C) You are cold outside
(D) Isn't it cold ?
(E) Not Attempted

74. શૈક્ષણિક સંસ્થાનોમા ઈનોવેશન ઈકોસીસ્ટમનાં વિકાસ માટે ......... પોલીસી ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ છે.

(A) સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન
(B) સ્ટુડન્ટ વેલફેર એન્ડ ઈનોવેશન
(C) પોલીસી ફોર ડેવલપમેન્ટ ઓફ સાઈન્ટીફીક ટેમ્પરામેન્ટ
(D) પોલીસી ફોર નર્ચરીંગ ઈનોવેશન
(E) Not Attempted

75. બાળકને અપાતા પુરક પોષણમાં કયા મુદ્દા ધ્યાનમાં રાખવા જોઈએ ?

(A) ખોરાકની ગુણવત્તા
(B) ખોરાકનું પ્રમાણ
(C) ખોરાકની માત્રા (કેટલી વખત આપ્યો)
(D) ખોરાકની ગુણવત્તા, પ્રમાણ અને માત્રા
(E) Not Attempted

76. પહેલી વખતની સગર્ભાને ધનુરની રસીના કેટલા ડોઝ લેવાના હોય છે ?

(A) 2 (બે)
(B) 1 (એક)
(C) 0 (ઝીરો)
(D) 3 (ત્રણ)
(E) Not Attempted



PariksaPath · pariksapath.in

77. બૃહદ માત્રા ઘટકો કયા છે ?

(A) કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન, ફેટ

(B) કાર્બોહાઈડ્રેટ્સ, ખનિજ, પ્રોટીન

(C) કાર્બોહાઈડ્રેટ્સ, વિટામિનસ, ખનિજ

(D) સેલેનિયમ, ઝીંક, કોપર

(E) Not Attempted

78. IYCN એટલે ?

(A) ઈન્ફન્ટ એન્ડ યંગ ચાઈલ્ડ ન્યુટ્રીશન

(B) ઈનોવેટીવ યંગ ચાઈલ્ડ ન્યુટ્રીશન

(C) ઈન્ટરનેશનલ યંગ ચાઈલ્ડ ન્યુટ્રીશન

(D) ઈન્ફન્ટ એન્ડ યંગ ચાઈલ્ડ નોમેનક્લેચર

(E) Not Attempted

79. The word closest in meaning to 'indegenous' is ______.

(A) indigestion

(B) indigo

(C) native

(D) intense

(E) Not Attempted

80. ______ I finished my task, my friend ______.

(A) If, enters

(B) Though, leave

(C) No sooner, lives

(D) As soon as, entered

(E) Not Attempted

81. The lion ______ for ______ fierceness.

(A) was being feared, hers

(B) will be feared, on

(C) fears, ours

(D) is feared, its

(E) Not Attempted

82. જિલ્લા પંચાયત રાજ્ય સરકારની પૂર્વ મંજુરીથી, જો નાણાની સગવડ હોય તો, પોતાના હકૂમતની બહાર .......... સબંધી ખર્ચ કરી શકશે.

(A) કાયદો અને વ્યવસ્થા

(B) સામાજીક કલ્યાણ

(C) શિક્ષણ

(D) સાંસ્કૃતિક કલ્યાણ

(E) Not Attempted

83. આઈ.સી.ડી.એસ. માં પુર્ણાશક્તિના પેકેટ કયા લાભાર્થીને આપે છે ?

(A) કિશોરીઓ

(B) 6-34 મહિનાના બાળકોને

(C) ફક્ત સગર્ભા માતાને

(D) ધાત્રી અને સગર્ભા માતાને

(E) Not Attempted

84. ભારત સરકારનાં રોડ અને પરીવહન મંત્રાલય દ્વારા વાહનોના રજીસ્ટ્રેશન માટે નીચે પૈકી કઈ નવી સીરીઝની જાહેરાત કરવામાં આવી છે ?

(A) ID

(B) IN

(C) BH

(D) EV

(E) Not Attempted



PariksaPath · pariksapath.in

85. આઈ.સી.ડી.એસ. યોજના શું પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે ?
(A) ગુણવત્તા યુક્ત પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણ (ECCE)
(B) શાળા શિક્ષણ
(C) માધ્યમિક શિક્ષણ
(D) ઉચ્ચ શિક્ષણ
(E) Not Attempted

86. The pot will break _______ you _______ it.
(A) but, fall
(B) if, drop
(C) so, fill
(D) because, careless
(E) Not Attempted

87. ફૂડ સ્પોયલેજ શેનાથી થાય છે ?
(A) માખી, ઉંદર અને મચ્છર
(B) મોલ્ડસ, યીસ્ટ અને બેક્ટેરીયા
(C) માટી, મળ અને મૂત્ર
(D) સૂકવણી, રાસાયણિક પદાર્થો અને ફ્રીઝીંગથી
(E) Not Attempted

88. નેશનલ ડિવોર્મિંગ ડે અંતર્ગત 1 થી 2 વર્ષના બાળકોને આલ્બેન્ડેઝોલની ગોળીનો કેટલો ડોઝ આપવામાં આવે છે ?
(A) 100 mg (પા ભાગની ગોળી)
(B) 400 mg (આખી ગોળી)
(C) 600 mg (દોઢ ગોળી)
(D) 200 mg (અડધી ગોળી)
(E) Not Attempted

89. નીચેનામાંથી કયો નાટ્યસંગ્રહ રઘુવીર ચૌધરીનો નથી ?
(A) સિકંદર સાની
(B) અશોકવન
(C) રંગભંડાર
(D) ઝૂલતા મિનારા
(E) Not Attempted

90. વિશ્વ ખાદ્ય દિવસ (વર્લ્ડ ફુડ ડે) ક્યારે ઉજવાય છે ?
(A) ઓક્ટોબર 16
(B) ડિસેમ્બર 1
(C) નવેમ્બર 14
(D) એપ્રિલ 7
(E) Not Attempted

91. Which option is opposite in meaning to the word 'foe' ?
(A) enemy
(B) neighbour
(C) teacher
(D) friend
(E) Not Attempted

92. ARF નું પુરુ નામ શું છે ?
(A) Amino acid - Rich Foods
(B) Amylase - Rich Foods
(C) Arraroot Foods
(D) Energy Rich Foods
(E) Not Attempted


PariksaPath · pariksapath.in

93. અંગ્રેજી મૂળાક્ષર અને સંખ્યાની નીચે આપેલ મિશ્રશ્રેણીમાં ખાલી જગ્યાએ શું આવશે ?

W-144, ...?..., S-100, Q-81, O-64

(A) U-121
(B) U-122
(C) V-121
(D) V-128
(E) Not Attempted

94. ગુજરાતમાં નીચેનામાંથી કઈ યોજના હેઠળ નક્કી કરેલ ટ્રાયબલ વિસ્તારમાં સગર્ભા અને ધાત્રી માતાને રોજ એક વખત સંપૂર્ણ ભોજન આપવામાં આવે છે ?

(A) પૌષણ સખી યોજના
(B) પોષણ સહાય યોજના
(C) પોષણ સુધા યોજના
(D) માતૃશક્તિ યોજના
(E) Not Attempted

95. નીચેનામાંથી કયા પક્ષીઓનો સમૂહ આપણાં કરતાં ચાર ગણું વધુ દૂર જોઈ શકે છે ?

(A) કાગડો, સમડી, બુલબુલ
(B) ગરૂડ, કબૂતર, પોપટ
(C) સમડી, ગરૂડ, ગીધ
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(E) Not Attempted

96. ટામેટાંમાં કયો રંગકણ (પિગમેન્ટ) હોય છે ?

(A) ક્લોરોફિલ (Chlorophyll)
(B) લાયકોપીન (Lycopene)
(C) એન્થોસાયનીન (Anthocyanin)
(D) ફ્લેવોન્સ (Flavones)
(E) Not Attempted

97. દૂધમાં કયો પ્રોટીન રહેલ હોય છે ?

(A) ઓવોવિટેલિન (Ovovitellin)
(B) ગ્લાયસીનીન (Glycinin)
(C) લેક્ટઆલ્બ્યુમીન (Lactalbumin)
(D) ગ્લુટેનિન (Glutenin)
(E) Not Attempted

98. આંગણવાડીમાં સમુદાય સાથે સંદેશાવ્યવહારની જરૂરીયાત .....

(A) ફક્ત માહિતી અને વિચારોનું આદાનપ્રદાન
(B) ફક્ત પરામર્શન અને સમજણ માટે
(C) ફક્ત સૂચના આપવા માટે
(D) અહીં દર્શાવેલ તમામ
(E) Not Attempted

99. સૌરાષ્ટ્રમાં સૈનિકશાળા ક્યાં આવેલી છે ?

(A) માળિયા
(B) ઓખા
(C) બાલાછડી
(D) મોરબી
(E) Not Attempted



PariksaPath · pariksapath.in

100. પૂરક પોષણ કાર્યક્રમ હેઠળ સગર્ભા-ધાત્રી માતા અને કિશોરીઓને આ યોજના હેઠળ કેટલી કેલરી અને પ્રોટીન મળી રહે તેવો પોષણયુક્ત આહાર આપવામાં આવે છે ?

(A) 500 કિલો કેલરી અને 12-15 ગ્રામ પ્રોટીન
(B) 600 કિલો કેલરી અને 18-20 ગ્રામ પ્રોટીન
(C) 800 કિલો કેલરી અને 20-25 ગ્રામ પ્રોટીન
(D) 400 કિલો કેલરી અને 12-15 ગ્રામ પ્રોટીન
(E) Not Attempted

101. ઘર દીવડા યોજનાનો ઉદ્દેશ/હેતુ શું છે ?

(A) 18 થી 50 વર્ષની બહેનોને ઘર આપવા માટે
(B) દીકરીના લગ્નનાં ખર્ચમાં સહાય
(C) મહિલાઓને આર્થિક પ્રવૃત્તિ હાથ ધરવા આર્થિક સહાય પૂરી પાડવી
(D) સાધન સહાય આપવા માટે
(E) Not Attempted

102. ગ્રામ પંચાયત નીચેના પૈકી કયા કર/ફી લઈ શકશે નહીં.

(A) ગામમાં રાખેલા કૂતરા પર કર
(B) બજારો અને અઠવાડીક બજારો પર ફી
(C) પોતાને પ્રાપ્ત થયેલ તળાવમાંથી ઘરગથ્થુ ઉપયોગ અને ઢોરોના ઉપયોગ માટે લેવાતા પાણી પૂરૂ પાડવાની ફી
(D) મેળા, પર્વ તથા બીજા મનોરંજન પર કર
(E) Not Attempted

103. ચૂંટણીમાં વપરાતી અવિલોપ્ય શાહીમાં કયું સંયોજન હોય છે ?

(A) સિલ્વર નાઈટ્રેટ
(B) પોટેશિયમ પરમેંગેનેટ
(C) સિલ્વર બ્રોમાઈડ
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(E) Not Attempted

104. યારલુંગ ઝેંગ્બો (Yarlung Tsangpo) નદી જ્યારે ભારતમાં પ્રવેશ કરે છે, પછીથી કયા નામથી ઓળખવામાં આવે છે ?

(A) સિંધુ નદી
(B) જમુના નદી
(C) મહા નદી
(D) બ્રહ્મપુત્રા નદી
(E) Not Attempted

105. અજંતા-ઈલોરાની ગુફાઓ ક્યાં આવેલી છે ?

(A) ઓરંગાબાદ
(B) મુરાદાબાદ
(C) અલીગઢ
(D) હૈદરાબાદ
(E) Not Attempted

106. આપેલી સંજ્ઞામાંથી કઈ વિકારી સંજ્ઞા નથી ?

(A) ખેતર
(B) પંખો
(C) ચપ્પુ
(D) કાંસકો
(E) Not Attempted



PariksaPath · pariksapath.in

107. કયા શબ્દની જોડણી સાચી છે ?
(A) ઉર્મીલા
(B) પરિણીત
(C) દ્વૈતિથિક
(D) પ્રતીકૃતિ
(E) Not Attempted

108. બાળકોની પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કરવા કઈ રીત વધુ સારી ?
(A) વાતચીત
(B) અવલોકન
(C) રમત
(D) પ્રશ્ન પૂછવા
(E) Not Attempted

109. નીચેના પૈકી કયા ખોરાકમાં લોહતત્ત્વ નહીંવત છે ?
(A) બાજરી
(B) મેથી
(C) દૂધ
(D) પાલકની ભાજી
(E) Not Attempted

110. નીચે આપેલી સંખ્યા શ્રેણીમાં ખાલી જગ્યાએ કઈ સંખ્યા આવશે ?
4832, 5840, 6848, ...?...
(A) 7815
(B) 7846
(C) 7856
(D) 7887
(E) Not Attempted

111. નીચેનો કયો વિટામિન ગરમીથી નાશ પામે છે ?
(A) વિટામિન 'C'
(B) વિટામિન 'A'
(C) વિટામિન 'K'
(D) વિટામિન 'D'
(E) Not Attempted

112. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ગરબીઓના રચયિતા તરીકે કયા સાહિત્યકાર પ્રખ્યાત છે ?
(A) મયારામ મેવાડી
(B) દયારામ
(C) મુક્તાનંદ સ્વામિ
(D) પ્રેમાનંદ
(E) Not Attempted

113. The boys _______ hockey, _______ ?
(A) are playing, aren't they
(B) will be playing, will they
(C) were playing, did they
(D) will have played, do they
(E) Not Attempted

114. નીચેનામાંથી કઈ જોડ સાચી છે ?
(A) વિટામીન-A - લોહીને ગંઠાવવામાં મદદ કરે છે.
(B) વિટામીન-D - કેલ્શિયમ અને ફોસ્ફરસના અવશોષણમાં સહાયતા કરે છે.
(C) વિટામીન-E - મંદ પ્રકાશમાં જોવામાં મદદ કરે છે.
(D) વિટામીન-K - અંસતૃપ્ત વસા અમ્લને નષ્ટ થતુ અટકાવે છે.
(E) Not Attempted



PariksaPath · pariksapath.in

115. નીચેના પૈકી કઈ જોડી સાચી છે ?

(A) વિટામિન $B_1$ (Vitamin $B_1$) - રાઈબોફ્લેવીન (Riboflavin)

(B) વિટામિન C (Vitamin C) - સાયનોકોબાલમિન (Cyanocobalamin)

(C) વિટામિન $B_3$ (Vitamin $B_3$) - નાયાસીન (Niacin)

(D) વિટામિન $B_2$ (Vitamin $B_2$) - થાયામીન (Thiamine)

(E) Not Attempted

116. ......... પાંડુરોગનું લક્ષણ નથી.

(A) થાક લાગે છે, શ્વાસ ચઢે છે

(B) ચામડી, જીભ, હોઠ અને નખ ફિક્કા પડી જાય છે

(C) નખ ચપટાં થઈ જાય

(D) દાંત ઢીલા પડી જવા

(E) Not Attempted

117. We _______ the vacation _______ our relatives.

(A) spend, visited

(B) spent, visit

(C) spent, visiting

(D) will spend, visit

(E) Not Attempted

118. કોવિડ-19 ની પરિસ્થિતિ સંદર્ભે પોષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણની સેવાઓ ઘર આંગણે પહોંચાડવા માટેની પહેલ એટલે...

(A) પગથિયે આંગણવાડી

(B) ઉંબરે આંગણવાડી

(C) આંગણવાડી કેન્દ્ર

(D) નંદ ઘર

(E) Not Attempted

119. ફળની ગુણવત્તાનો ક્રમ નક્કી કરવા કયો માર્કો લગાવવામાં આવે છે ?

(A) FPO

(B) ISI

(C) FOP

(D) FIS

(E) Not Attempted

120. સોયાબીનમાં અવરોધક તત્ત્વ કયો હોય છે ?

(A) ફાયટેટ (Phytate)

(B) ટ્રિપ્સીન (Trypsin)

(C) પેપૈન (Papain)

(D) ટેનીનસ (Tannins)

(E) Not Attempted

121. SAM નું પુરુ નામ શું છે ?

(A) Some Acute Malnutrition

(B) Same Acute Malnutrition

(C) Severe Acute Malnutrition

(D) Specific Acute Malnutrition

(E) Not Attempted

122. પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન (PMSMA) નીચેના પૈકી કયા લાભાર્થી માટે છે ?

(A) મહિલા ખેડુત

(B) કિશોરીઓ

(C) ધાત્રી માતા

(D) સગર્ભા માતા

(E) Not Attempted



PariksaPath · pariksapath.in

1. નીચેના પૈકીનું કયું સ્થળ ભારતનું ઠંડુ રણ (cold desert) તરીકે ઓળખાય છે ?
(A) લેહ
(B) લડાખ
(C) ઊંટી
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(E) Not Attempted

1. "મમ્મીએ મારી પાસે છૂંદાનું તપેલું તડકામાં મુકાવ્યું." વાક્યરચના કયા પ્રકારની છે ?
(A) કર્મણિ
(B) પ્રેરક
(C) ભાવે
(D) કર્તરિ
(E) Not Attempted

125. સગર્ભાવસ્થા દરમ્યાન કયા બે સુક્ષ્મ પોષકતત્ત્વો અત્યંત જરૂરી છે ?
(A) પ્રોટીન અને ચરબી
(B) કાર્બોહાઈડ્રેટ અને ચરબી
(C) કાર્બોહાઈડ્રેટ અને પ્રોટીન
(D) લોહતત્ત્વ અને આયોડિન
(E) Not Attempted

126. કયા ઓલિમ્પિક રમતોત્સવમાં મહિલાઓએ સૌપ્રથમ વખત ભાગ લીધો હતો ?
(A) 1896 એથેન્સ
(B) 1900 પેરિસ
(C) 1920 એન્ટવર્પ
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(E) Not Attempted

127. નિયમીત રૂપે નાના બાળકનું વજન વધવું એ -
(A) વૃધ્ધિ પ્રક્રિયા છે.
(B) વિકાસ પ્રક્રિયા છે.
(C) ગુણાત્મક પ્રક્રિયા છે.
(D) ભાવાત્મક પ્રક્રિયા છે.
(E) Not Attempted

128. અનુગામી ખોરાકમાંથી કયો ઘટક અપાચ્ય છે અને જેમાંથી કોઈ પોષક ઘટક મળતુ નથી, પરંતુ આપણા શરીર માટે મહત્ત્વનું છે ?
(A) વિટામિન્સ
(B) ખનિજક્ષાર
(C) પ્રોટીન
(D) રેસા
(E) Not Attempted

129. Asking questions ______ than answering ______.
(A) is easy, than
(B) is most easy, some
(C) is easier, them
(D) is the easiest, same
(E) Not Attempted

130. સ્ટન્ટીંગ (ઠીંગણાપણુ) એટલે ?
(A) ઉંમરના પ્રમાણે ઓછી ઊંચાઈ
(B) ઉંમરના પ્રમાણમાં ઓછુ વજન
(C) ઊંચાઈના પ્રમાણમાં ઓછુ વજન
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(E) Not Attempted



PariksaPath · pariksapath.in

131. ICMR એટલે ...

(A) ઈન્ડિયન કેર એન્ડ મેડિકલ રિસર્ચ
(B) ઈન્ડિયન કાઉન્સલ ઑફ મેડિકલ રિસર્ચ
(C) ઈન્ટીગ્રેટેડ કેર એન્ડ માલન્યુટ્રીશન રિસર્ચ
(D) ઈન્ડિયન કેર એન્ડ મેડિકલ રજીસ્ટર
(E) Not Attempted

132. નીચેમાંથી જળ દ્રાવ્ય વિટામિન કયો છે ?

(A) વિટામિન 'D'
(B) વિટામિન 'C'
(C) વિટામિન 'A'
(D) વિટામિન 'K'
(E) Not Attempted

133. સુપ્રીમ કોર્ટના ચૂકાદા બાદ અયોધ્યા ખાતે શ્રીરામ જન્મભૂમિ મંદીરનું ભૂમિપુજન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હાથે ક્યારે થયું ?

(A) 4 ઓગષ્ટ, 2020
(B) 6 ઓગષ્ટ, 2020
(C) 5 ઓગષ્ટ, 2020
(D) 7 ઓગષ્ટ, 2020
(E) Not Attempted

134. 'વસુ વિના નર પશુ' – કહેવતનો અર્થ જણાવો.

(A) ધનનું કોઈ મૂલ્ય ન હોવું
(B) તદ્દન નિરક્ષર હોવું
(C) ચિંતા વગરનું જીવન જીવવું
(D) ધન વગરના માણસની કિંમત કોડીની હોવી
(E) Not Attempted

135. ગર્ભાવસ્થઆમાં પીડાતી સ્ત્રીઓના ગર્ભને પુરતું આયોડિન ન મળતા તેમનાથી જન્મતા શિશુઓ શેનાથી પીડાય છે ?

(A) બેરીબેરી (Beri beri)
(B) ગોઈટર (Goiter)
(C) ક્રેટીનીઝમ (Cretinism)
(D) મેરેસ્મસ (Marsmus)
(E) Not Attempted

136. બાળકોમાં ભાષાના વિકાસ માટે નીચેના પૈકી કઈ પ્રવૃત્તિ ઉપયોગી નથી ?

(A) માટીકામ
(B) લેખન અને વાંચન
(C) અંક ગણતરી
(D) શારીરિક પ્રવૃત્તિ
(E) Not Attempted

137. ગુજરાતનું સૌપ્રથમ નેચર એજ્યુકેશન સેન્ટર ક્યાં આવેલું છે ?

(A) પાવાગઢ
(B) જામનગર
(C) હિંગોળગઢ
(D) વાંસદા
(E) Not Attempted

138. A _______ is one _______ travels with religious devotion to the holy places.

(A) traveller, whom
(B) pilgrim, who
(C) visitor, whose
(D) saint, what
(E) Not Attempted



PariksaPath · pariksapath.in

22
499
AL SEAL

139. યુક્રેન-રશિયા યુદ્ધ દરમ્યાન યુક્રેનમાં વસતા ભારતીયો/વિદ્યાર્થીઓ સલામત પરત લાવવાના ભારત સરકારના ઓપરેશનનું નામ કયું છે ?

(A) ઓપરેશન દેવી શક્તિ
(B) ઓપરેશન ગંગા
(C) ઓપરેશન ગંગા પ્રહાર
(D) ઓપરેશન વિજય
(E) Not Attempted

140. એન્ટિસ્ટરીલિટી વિટામિન કયું છે ?

(A) વિટામિન 'A'
(B) વિટામિન 'D'
(C) વિટામિન 'E'
(D) વિટામિન 'K'
(E) Not Attempted

141. પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન કયા મંત્રાલય દ્વારા અમલમાં મુકેલ છે ?

(A) આરોગ્ય અને પરિવાર કલ્યાણ
(B) મહિલા અને બાળવિકાસ
(C) શિક્ષણ
(D) ગ્રામવિકાસ
(E) Not Attempted

142. નીચેનામાંથી વિધ્યર્થ વાક્ય કયું છે ?

(A) તેઓએ દાહોદ જવું જોઈએ.
(B) તેઓ આજે દાહોદ જશે.
(C) તમે આજે દાહોદ જશો.
(D) તેઓ આજે કદાચ દાહોદ જશે.
(E) Not Attempted

143. The criminal _______ by the _______.

(A) deports, none
(B) was deported, police
(C) will deport, police
(D) deported, some
(E) Not Attempted

144. વિટામીન 'એ' નો પ્રથમ ડોઝ 9 મહિનાની ઉંમરે આપવામાં આવે છે તે પછીના ડોઝ ક્યારે આપવામાં આવે છે ?

(A) પાંચ વર્ષ સુધી દર 6 મહિને
(B) 16 અને 24 મા મહિને
(C) બે વર્ષની ઉંમર સુધી દર 6 મહિને
(D) 9-12 અને 16-24 મહિને
(E) Not Attempted

145. કયા ક્રિકેટરનું ઉપનામ 'ધ હરીયાણા હરીકેન' છે ?

(A) હરભજન સિંઘ
(B) નવજોત સિંઘ સિદ્ધુ
(C) શિખર ધવન
(D) કપિલ દેવ
(E) Not Attempted

146. બ્રેસ્ટ મિલ્કમાં શું હોય છે જે શિશુને ઈનફેક્શન સામે રક્ષણ આપે છે ?

(A) એનર્જી (Energy)
(B) ઈમ્યુનોગ્લોબ્યુલિન્સ (Immunoglobulins)
(C) એન્ટિબાયોટિક (Antibiotic)
(D) કેલ્શિયમ (Calcium)
(E) Not Attempted



PariksaPath · pariksapath.in

147. અર્લી ચાઈલ્ડહુડ ડેવલપમેન્ટ (ECD) માટે નીચેના પૈકી કયુ જરૂરી છે ?

(A) રસીકરણ
(B) પોષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ
(C) ફક્ત પોષણ
(D) ફક્ત પૂર્વ પ્રાથમિક શિક્ષણ
(E) Not Attempted

148. 1 gm Protein થી કેટલા કિલો કેલરી શક્તિ મળે છે ?

(A) 4 Kcal.
(B) 4.5 Kcal.
(C) 9 Kcal.
(D) અહીં દર્શાવેલ ત્રણ પૈકી એક પણ નહીં
(E) Not Attempted

149. નીચે આપેલ અક્ષરોના જૂથમાં અક્ષરો યોગ્ય રીતે ગોઠવી અર્થપૂર્ણ શબ્દો બનાવતા કયો શબ્દ અલગ પડે છે ?

(A) ATES
(B) EWSN
(C) HONRT
(D) EWTS
(E) Not Attempted

150. વિશ્વમાં સૌથી વધુ મંદિર બનાવવાનો વિશ્વ વિક્રમ કયા એક સાધુના નામે છે ?

(A) શ્રીશ્રી રવિશંકર
(B) પ્રમુખ સ્વામી મહારાજ
(C) રામદેવજી મહારાજ
(D) મોરારી બાપુ
(E) Not Attempted

PariksaPath · pariksapath.in

Maru
GUJARAT
MARUGUJARAT.IN

LATEST UPDATES

વધુ માહિતી માટે નીચે આપેલ લિંક ક્લિક કરશો.

| ફેસબુક પેજ | ટેલિગ્રામ ચેનલ | વોટ્સએપ ગ્રુપ |
|---|---|---|

લેટેસ્ટ જોબ
પેપર/આન્સર કી
કોલ લેટર
રીઝલ્ટ

WITH OVER
40+ CRORE VISITORS
GUJARAT'S NO. 01
EDUCATIONAL WEBSITE

WHAT'S NEW

વધુ માહિતી માટે નીચે આપેલ લિંક ક્લિક કરશો.

બેંક જોબ

રેલવે જોબ

ઇજનેર જોબ

પોલીસ જોબ

ટીચર જોબ

મેડિકલ જોબ

ડિફેન્સ જોબ

ગવર્મેન્ટ જોબ

SSC

UPSC

WITH OVER
40+ CRORE VISITORS

GUJARAT'S NO. 01
EDUCATIONAL WEBSITE

Join Now

વધુ માહિતી માટે નીચે આપેલ લિંક ક્લિક કરશો.

વોટ્સએપ ગ્રુપ જોઈન કરો

મારુ ગુજરાત એપ્લિકેશન

ક્વિઝ ગુજરાત એપ્લિકેશન

GPSC

GSSSB

મોક ટેસ્ટ

પરીક્ષા કાર્યક્રમ

TO GET EMAIL ALERTS
JOIN OUR GROUP

GUJARAT'S NO. 01
EDUCATIONAL WEBSITE